**JUDGMENT** **સેશન્સ કેસ નંબર : ૧/૨૦૨૫.**

**GJAN120000352025**

| | | |
|---|---|---|
| દાખલ તારીખ | :- | ૧૬/૦૧/૨૦૨૫ |
| રજીસ્ટર તારીખ | :- | ૧૬/૦૧/૨૦૨૫ |
| નિકાલ તારીખ | :- | ૧૫/૧૦/૨૦૨૫ |
| | | વર્ષ માસ દિન |
| વીતેલો સમય | :- | |

**આંક-........**

## ફોર્મ – એ

**પેટલાદના મહે. ત્રીજા અધિક સેશન્સ જજ સાહેબની અદાલતમાં, મુ. પેટલાદ, જી.આણંદ.**

**(જજમેન્ટ આપ્યાની તારીખ ૧૫/૧૦/૨૦૨૫)**
**(સેશન્સ કેસ નંબર : ૧/૨૦૨૫.)**

**મહેળાવ પોલીસ સ્ટેશનના ગુ.રજી. નં.૧૧૨૧૫૦૧૭૨૩૦૧૪૯/૨૦૨૩**

**(ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૮, ૨૭૩, ૨૭૨, ૧૧૪ તથા**
**પ્રોહી. એકટની કલમ-૬૫(એ)(એ) મુજબ)**

| | |
|---|---|
| ફરીયાદી | ધી સ્ટેટ ઓફ ગુજરાત |
| ફરીયાદી તરફે | વિ.એડી.પી.પી.શ્રી. જે.એચ.રાઠોડ |
| આરોપી | (૧) સરોજબેન વા/ઓ હર્ષદભાઈ શંકરભાઈ તળપદા.<br>રહે.મહેળાવ, પહાડી કુવા વિસ્તાર, તા.પેટલાદ, જી.આણંદ.<br>(૨) હર્ષદભાઈ ઉર્ફે પીન્ટુ શંકરભાઈ તળપદા.<br>રહે.મહેળાવ, પહાડી કુવા વિસ્તાર, તા.પેટલાદ, જી.આણંદ.<br>(૩) ભગુભાઈ ફુલાભાઈ પરમાર.<br>રહે.આખડોલ, જલારામ ટોબેકોની સામે, તા.નડિયાદ, જી.ખેડા. |
| આરોપી તરફે | વિ.વ.શ્રી એન.એલ.રોહિત |

# ફોર્મ – બી

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ | ૧૪/૦૭/૨૦૨૩ |
| એફ.આઈ.આર. ની તારીખ | ૧૪/૦૭/૨૦૨૩ |
| ચાર્જશીટની તારીખ | ૧૮/૦૬/૨૦૨૪ |
| તહોતમનામું ઘડયાની તારીખ | ૦૯/૦૭/૨૦૨૫ |
| પુરાવો લેવાનો ચાલુ કર્યાની તારીખ | ૦૬/૦૮/૨૦૨૫ |
| જજમેન્ટ આપવાની નકકી કરેલ તારીખ | ૦૯/૧૦/૨૦૨૫ |
| જજમેન્ટ આપ્યાની તારીખ | ૦૯/૧૦/૨૦૨૫ |
| સજાના ઓર્ડર કર્યાની તારીખ (જો હોય તો) | |

# આરોપીની વિગત

| આરોપીની સંખ્યા | આરોપીનું નામ | અટક કર્યાની તારીખ | જામીન પર મુકત કર્યાની તારીખ | ગુનાઓના આરોપસર | સજા/ નિર્દોષ | ફરમાવેલ સજા | કેદમાં રહેલ મુદતનો સમય ક્રિ.પ્રો.કોડ કલમ–૪૨૮ ના હેતુસર |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | સરોજબેન વા/ઓ હર્ષદભાઈ શંકરભાઈ તળપદા. | ૧૫/૭/૨૦૨૩ | | ઈ.પી.કો.કલમ– ૩૦૮, ૨૭૩, ૨૭૨, ૧૧૪ તથા પ્રોહી. એકટની કલમ– ૬૫(એ)(એ) મુજબ. | નિર્દોષ | – | |
| (૨) | હર્ષદભાઈ ઉર્ફે પીન્ટુ શંકરભાઈ તળપદા. | ૧૯/૭/૨૦૨૩ | | | નિર્દોષ | – | |
| (૩) | ભગુભાઈ કુલાભાઈ પરમાર. | ૧૯/૭/૨૦૨૩ | | | નિર્દોષ | – | |

# ફોર્મ – સી

## એ– ફરીયાદપક્ષના સાક્ષી :–

| નંબર | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| PW1 | જનકભાઈ બાબુભાઈ ઠાકોર | પંચ સાહેદ | ૧૫ |
| PW2 | નટુભાઈ પરસોત્તમભાઈ વાઘેલા | પંચ સાહેદ | ૧૭ |
| PW3 | અર્જુનભાઈ નાનજીભાઈ રાઠવા | સાયન્ટીફીક ઓફીસર (એફ.એસ.એલ.) | ૧૮ |
| PW4 | જોયતાભાઈ હીરાભાઈ મકવાણા | ફરીયાદી/પોલીસ સાહેદ | ૨૧ |
| PW5 | જયદિપસિંહ જશવંતસિંહ ગઢવી | પોલીસ સાહેદ | ૨૩ |
| PW6 | ખુમાનસંગ શંકરભાઈ ચૌહાણ | ત.ક.અમલદાર/પોલીસ સાહેદ | ૨૪ |
| PW7 | મહેન્દ્રભાઈ હરીભાઈ ચાવડા | પોલીસ સાહેદ | ૨૫ |
| PW8 | મહેશભાઈ મોમમણભાઈ જુજા | ત.ક.અમલદાર/પોલીસ સાહેદ | ૨૭ |

## બી– આરોપીપક્ષના સાક્ષી :–

| નંબર | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| DW1 | – | – | – |

## સી– કોર્ટ તરફેના સાક્ષી :–

| નંબર | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| CW1 | – | – | – |

## એ– ફરીયાદપક્ષ તરફે આંકે પડેલ દસ્તાવેજો :–

| નંબર | આંક ના નંબર | વિગત |
|---|---|---|
| 1 | ૧૬ | રેઈડનું પંચનામું |
| 2 | ૧૯ | સ્થળ પરીક્ષણ અહેવાલ |
| 3 | ૨૦ | એફ.એસ.એલ. અધિકારીને સ્થળ પરીક્ષણ કરવા કરેલ યાદી |
| 4 | ૨૨ | ફરીયાદ |
| 5 | ૨૬ | સદર ગુનાની સ્ટેશન ડાયરીની ઓનલાઈન પ્રમાણીત નકલ |
| 6 | ૨૮ | સુચીપત્ર |
| 7 | ૨૯ | રવાનગી પત્રક |
| 8 | ૩૦ | એફ.એસ.એલ. ની પહોંચ |
| 9 | ૩૧ | એફ.એસ.એલ. નો ફોરવર્ડીંગ પત્ર |
| 10 | ૩૨ | એફ.એસ.એલ. નો રાસાયણીક શાસ્ત્ર વિભાગનો અહેવાલ |

## બી– આરોપીપક્ષના સાક્ષી :–

| નંબર | આંક ના નંબર | વિગત |
|---|---|---|
| 1 | – | – |

## સી– કોર્ટ તરફેના સાક્ષી :–

| નંબર | આંક ના નંબર | વિગત |
|---|---|---|
| 1 | – | – |

## ડી– મહત્વની વસ્તુઓ :–

| નંબર | આંક ના નંબર | વિગત |
|---|---|---|
| 1 | – | – |

## -: જજમેન્ટ :-

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તારીખ ૧૪/૭/૨૦૨૩ ના કલાક ૧૯-૦૦ વાગે મોજે મહેળાવ, પહાડીકુવા વિસ્તારમાં આરોપી નં.૧,૨ નાઓએ આરોપી નં.૩ નાઓ પાસેથી સફેદ દાણાદાર કેમીકલ પદાર્થ મેળવી તેમાંથી કેમીકલ નશાયુકત પ્રવાહી (તાડી) બનાવી જે કેમીકલથી બનાવેલ નશાયુકત પ્રવાહી (તાડી) માનવ શરીર માટે હાનીકારક હોય તેમજ તેના પીવાથી માણસનું મૃત્યુ પણ થઈ શકે તેવું જાણતા હોવા છતાં ઈરાદાપુર્વક પોતાના આર્થિક ફાયદા સારુ તેમાંથી કેમીકલ નશાયુકત પ્રવાહી તાડી બનાવી વેચાણ કરવા સારુ પોતાના કબજા ભોગવટા તથા દેખરેખ હેઠળ એક પ્લાસ્ટીકની બોટલમાં ૦૨ લીટર કેમીકલયુકત પ્રવાહી (તાડી) જેની કિંમત રૂ.૪૦/- તથા એક સફેદ પ્લાસ્ટીકની થેલીમાંથી આશરે ૧૫૦ ગ્રામ પીળાશ પડતા સફેદ દાણાદાર કેમીકલ પદાર્થ જેની કિંમત રૂ.૧૫૦/- ના મુદદામાલ સાથે જાહેરમાંથી આરોપી નં.૧ નાઓ સ્થળ ઉપરથી તથા આરોપી નં.૨ અને નં.૩ નાઓ તપાસ દરમ્યાન પકડાઈ તથા આરોપી નામે પ્રમેશભાઈ ઉર્ફે ચંદુભાઈ પોલીકાનાઓ નહિ પકડાયેલ અને તમામ આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરેલ હોઈ, આ બાબતે મહેળાવ પો.સ્ટે. ના અ.પો.કો. જોયતાભાઈ હિરાભાઈ બ.નં.૭૬૮ નાઓએ શ્રી સરકાર તરફે મહેળાવ પો.સ્ટે. માં ફરીયાદ કરતા પોલીસે તે ફરીયાદ ગુ.રજી. નં.**૧૧ ૨૧૫૦૧૭૨૩૦૧૪૯/૨૦૨૩** થી **ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૮, ૨૭૩, ૨૭૨, ૧૧૪ તથા પ્રોહી. એકટની કલમ-૬૫(એ)(એ)** મુજબનો ગુનો નોંધી ફરીયાદના આધારે તપાસ કરનાર અમલદારશ્રીએ તપાસ કરતા હાલના કામના આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાય આવતા આરોપીઓ વિરુધ્ધના આક્ષેપીત ગુનાનું ચાર્જશીટ તા.૧૮/૬/૨૦૨૪ ના રોજ પેટલાદના એડીશનલ ચીફ જયુ.મેજી. સાહેબશ્રીની કોર્ટમાં રજુ કરેલ.

ચાર્જશીટમાં દર્શાવવામાં આવેલા ગુનાઓની ટ્રાયલ ચલાવવાની સત્તા માત્ર સેશન્સ અદાલતને હોય, હકુમતવાળા મહે. એડીશનલ ચીફ જયુ.મેજી. સાહેબશ્રી દ્વારા

હાલનો કેસ અત્રેની સેશન્સ કોર્ટને કમીટ કરેલો.

(૨) સદર કામના આરોપીઓ અદાલત સમક્ષ હાજર થતાં તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો મળ્યાની ખાત્રી કર્યા બાદ આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ–૩૦૮, ૨૭૩, ૨૭૨, ૧૧૪ તથા પ્રોહી. એકટની કલમ–૬૫(એ)(એ) મુજબના ગુન્હા દર્શાવતું તહોમતનામુ **આંક–૧૦** થી ફરમાવવામાં આવેલ તથા **આંક–૧૧ થી આંક–૧૨ સુધી** આરોપીઓની પ્લી રેકર્ડ કરતા તેઓએ તહોમતનો ઈન્કાર કરી કેસ આગળ ચલાવવાની માંગણી કરતા આરોપીઓ સામેનો હાથ પરનો કેસ સાબીત કરવા ફરીયાદપક્ષનો પુરાવો રજુ કરવા માટે મુકરર કરવામાં આવેલો.

**<u>કલોઝીંગ પુરશીશ અને આરોપીનુ વિશેષ નિવેદન</u>**

(૩) સદર કામે ફરીયાદપક્ષે ફોર્મ–સી માં જણાવ્યા મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

ત્યારબાદ વિ. સરકારી વકીલશ્રીએ **આંક–૩૩** થી ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયેલાની પુરશીસ **તા.૧૮/૯/૨૦૨૫** ના રોજ આપેલી છે.

ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં આરોપીનો વિશેષ ખુલાસો ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળ લેવામાં આવેલ છે. આરોપી સામે જે આક્ષેપો કરવામાં આવેલા છે તે તમામ આક્ષેપોનો આરોપીએ ઈન્કાર કરેલો હતો. બચાવપક્ષ તરફે આરોપી ધ્વારા કોઈ સાક્ષી તપાસેલા નથી કે સોગંદ ઉપર પુરાવો રજૂ કરેલો નથી. *વિશેષમાં એવી રજુઆત કરેલી કે, કહેવાતો કોઈ ગુનો કરેલ નથી તેમજ તેઓ નિર્દોષ છે અને તેમના વિરુધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં ખોટી ફરીયાદ અને ખોટી ચાર્જશીટ કરેલ હોવાની હકીકત જણાવેલ છે.*

***<u>દલીલો</u>***

(૪) ત્યારબાદ બંને પક્ષના વિદવાન ધારાશાસ્ત્રીશ્રીઓની લંબાણપુર્વક મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. સદરહું બંને પક્ષોની તમામ રજુઆત કેસના આખરી નિર્ણય કરતી વખતે ધ્યાને લેવામાં આવેલ છે તથા નિર્ણય માટેના કારણોના પેરામાં જરૂર મુજબ

તેની ચર્ચા કરવામાં આવશે.

(૫) સદરહું ફરીયાદ હકીકતો ઉપરથી ન્યાયીક અર્થે કેસનાં આખરી નિકાલ વાસ્તે, નીચે મુજબના મુદદાઓ ઉપસ્થિત થાય છે.

**મુદદા નં. ૦૧**, શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,તા.૧૪/૭/૨૦૨૩ ના કલાક ૧૯–૦૦ વાગે મોજે મહેળાવ, પહાડીકુવા વિસ્તારમાં આરોપી નં.૧,૨ નાઓએ આરોપી નં.૩ નાઓ પાસેથી સફેદ દાણાદાર કેમીકલ પદાર્થ મેળવી તેમાંથી કેમીકલ નશાયુકત પ્રવાહી (તાડી) બનાવી જે કેમીકલથી બનાવેલ નશાયુકત પ્રવાહી (તાડી) માનવ શરીર માટે હાનીકારક હોય તેમજ તેના પીવાથી માણસનું મૃત્યુ પણ થઈ શકે તેવું જાણતા હોવા છતાં ઈરાદાપુર્વક પોતાના આર્થિક ફાયદા સારુ તેમાંથી કેમીકલ નશાયુકત પ્રવાહી તાડી બનાવી વેચાણ કરવા સારુ પોતાના કબજા ભોગવટા તથા દેખરેખ હેઠળ એક પ્લાસ્ટીકની બોટલમાં ૦૨ લીટર કેમીકલયુકત પ્રવાહી (તાડી) જેની કિંમત રૂા.૪૦/– તથા એક સફેદ પ્લાસ્ટીકની થેલીમાંથી આશરે ૧૫૦ ગ્રામ પીળાશ પડતા સફેદ દાણાદાર કેમીકલ પદાર્થ જેની કિંમત રૂા.૧૫૦/– ના મુદદામાલ સાથે જાહેરમાંથી આરોપી નં.૧ નાઓ સ્થળ ઉપરથી તથા આરોપી નં.૨ અને નં.૩ નાઓ તપાસ દરમ્યાન પકડાઈ તથા આરોપી નામે પ્રમેશભાઈ ઉર્ફે ચંદુભાઈ પોલીકા નાઓ નહિ પકડાયેલ અને તમામ આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરીને ઈ.પી.કો.કલમ–૩૦૮, ૨૭૩, ૨૭૨, ૧૧૪ તથા પ્રોહી. એકટની કલમ–૬૫(એ)(એ) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**મુદદા નં. ૦૨**, શું હુકમ ?

(૬) ફરીયાદ પક્ષે રેકર્ડ ઉપર આવેલ સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા તેમજ કેસની હકીકતો અને સંજોગોને ધ્યાને લેતા ઉપરોકત મુદદાનાં જવાબો અને કારણો નીચે મુજબ છે.

**મુદદા નં.૧. '' ન કા ર માં,''**

**મુદદા નં.ર. આખરી હુકમ મુજબ.**

## **– :: નિર્ણય માટેનાં કારણો ::–**

**મુદદા નંબર–૧ :–**

આ કામે આરોપી વિરૂઘ્ધ ઈ.પી.કો.કલમ–૩૦૮, ર૭૩, ર૭ર, ૧૧૪ તથા પ્રોહી. એકટની કલમ–૬પ(એ)(એ)મુજબના ગુન્હાનો આક્ષેપ મુકરરવામા આવેલ છે, જેથી સદર કલમો વંચાણે લેવામાં આવેલ છે.

ક્રિમીનલ જયુરીશપ્રુડન્સનો પાયાનો સિઘ્ધાંત એ છે કે, ફરીયાદપક્ષે આરોપીઓ વિરૂઘ્ધનુ તહોમત કોઈ પણ જાતની વ્યાજબી શંકાથી પર રહીને સાબીત કરવાની હોય છે. આ કામમાં ફરીયાદપક્ષ તરફથી પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

(૭) સદર કામે ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૪ થી ફરીયાદી/પોલીસ સાહેદ જોયતાભાઈ હીરાભાઈ મકવાણાને આંક–ર૧ થી તપાસવામાં આવેલ છે** અને તેઓ દ્વારા તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે તા.૧૪/૭/ર૦ર૩ ના રોજ તેઓ તથા તેમની સાથેના અન્ય પોલીસ સ્ટાફના માણસો ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં નીકળેલ અને મહેળાવ ટી પોઈન્ટ આવતા તેમની સાથેના અ.હે.કો. જયદિપસિંહ જશવંતસિંહ તથા અ.પો.કો. દિગ્વિજયસિંહ ખુમાનસિંહ નાઓને સંયુકત બાતમીદારથી બાતમી મળેલ કે મોજે મહેળાવ પહાડીકુવા વિસ્તારમાં રહેતા હર્ષદભાઈ શંકરભાઈ તળપદા નાઓ કેમીકલયુકત તાડી બનાવવાનો પાવડર મંગાવી ગેરકાયદેસર પાવડરમાંથી ગેરકાયદેસર તાડી બનાવે છે તથા તેમના પત્ની સરોજબેન હર્ષદભાઈ શંકરભાઈ તળપદા નાઓ પોતાના ઘરે ગેરકાયદેસર કેમીકલયુકત બનાવેલ તાડી ખાનગીમાં વેચાણ કરેલ છે તેમજ

તેઓના ઘરમાં કેમીકલયુકત તાડી બનાવવાનો પાવડર તથા કેમીકલયુકત બનાવેલ તાડી પ્રવાહી ભરેલ રાખેલ છે, જેથી પો.સ્ટે. થી વુમન પો.કો. ભગવતીબેન દિપસંગભાઈ બ.નં.૧૦૮૭ ને બોલાવેલ અને નજીકમાંથી બે પંચોને સાથે રાખી ખાનગી વાહનમાં બેસી તેઓ બધા હર્ષદભાઈ શંકરભાઈ તળપદા નાઓના ઘર નજીકમાં આવેલ અને ત્યાં વાહન ઉભુ રાખી ચાલતા ચાલતા બાતમીવાળી જગ્યાએ આવતા, તે જગ્યાએ એક બહેન હાજર હતા, તેણીનું પંચો રૂબરૂ નામ ઠામ પુછતા પોતાનું નામ સરોજબેન હર્ષદભાઈ શંકરભાઈ તળપદા, રહે.મહેળાવ ની હોવાનું જણાવેલ, જેથી તેણીના ઘરની જડતી તપાસ કરતા તથા તેણીને તેના પતિ બાબતે પુછતા તે ઘરે નહિ હોવાનું તથા કયાં ગયેલ છે તેની ખબર ન હોવાનું જણાવેલ. સદર બહેનના ઘરની પંચો રૂબરૂ તપાસ કરતા ઘરના પાછળના ભાગે આવેલ દિવાલ પાસેથી એક પ્લાસ્ટીકની બોટલ મળી આવેલ, જેમાં આશરે ૦૨ લીટર જેટલું પ્રવાહી ભરેલ. સદર પ્રવાહી પંચો તથા પોલીસ રૂબરૂ સુધી સુઘાવી ખાતરી તપાસ કરતા તેમાંથી કેમીકલયુકત પ્રવાહીની વાસ આવતી હતી. સદર પ્લાસ્ટીકની બોટલ બાજુમાં એક પ્લાસ્ટીકની પારદર્શક સફેદ થેલી પડેલ, જે થેલી ખોલી પંચો રૂબરૂ જોતા તેમાં દાણાદાર પીળાશ પડતા સફેદ કલરનો કેમીકલયુકત ડુપ્લીકેટ પાવડર જેવો પદાર્થ (નશાકારક તાડી) બનાવવાનો મળી આવેલ. સદર બહેન પાસે તાડી તથા પાવડર રાખવાનું પાસ પરમીટ માંગતા તેણી પાસે ન હોવાનું જણાવેલ. જેથી સદર પ્રવાહી તથા પાવડર બાબતે ખાતરી કરવા એફ.એસ.એલ. અધિકારી શ્રી રાઠવા સાહેબને મોબાઈલ ફોનથી જાણ કરી સ્થળ ઉપર બોલાવવા યાદી કરેલ અને તેઓ સ્થળ ઉપર આવતા ખાતરી કરી સદર પ્રવાહી કેમીકલ યુકત નશાકારક પદાર્થ (તાડી) હોવાનું જણાવેલ તેમજ સદર પ્રવાહીનું ૧૫૦ મીલી જેટલું એક કાચની બોટલમાં સીલ કરેલ અને તપાસ અર્થે કબજે કરેલ તેમજ પ્લાસ્ટીકની બોટલમાં આશરે કુલ ૦૨ લીટર જેટલું પ્રવાહી જેની કિંમત રૂા.૪૦/– તેમજ કેમીકલયુકત દાણાદાર પાવડર જે આશરે ૧૫૦ ગ્રામ જેની કિંમત રૂા.૧૫૦/– પણ તપાસ અર્થે કબજે લેવામાં આવેલ અને આ બાબતે તેઓએ ફરીયાદ આપેલ, જે ફરીયાદ આંક–૨૨ થી રજુ

છે.

તેઓની વિસ્તૃત ઉલટ તપાસ આરોપીપક્ષના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ છે, જે વંચાણે લેવામાં આવે છે.

(૮) વધુમાં ફરીયાદપક્ષ તરફે ફરીયાદી સાથે અન્ય પોલીસ સાહેદો રેડમાં હતા, તેઓ પૈકી **સાહેદ નં.૫ થી જયદિપસિંહ જશવંતસિંહ ગઢવી નાઓને આંક–૨૩ થી તપાસવામાં આવેલ છે** અને તેઓએ પણ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં **આંક–૨૨** થી રજુ થયેલ ફરીયાદ હકીકતોને સમર્થન આપી ફરીયાદી જોયતાભાઈ મકવાણાના પુરાવા મુજબનો જ પુરાવો આપેલ છે.

તેઓની વિસ્તૃત ઉલટ તપાસ આરોપીપક્ષના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ છે, જે વંચાણે લેવામાં આવે છે.

(૯) વધુમાં ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૭ થી મહેન્દ્રભાઈ હરીભાઈ ચાવડાને આંક–૨૫ થી તપાસવામાં આવેલ છે** અને તેઓએ પણ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં **આંક–૨૨** થી રજુ થયેલ ફરીયાદ હકીકતોને સમર્થન આપી ફરીયાદી બહાદુરભાઈ ગોહીલના પુરાવા મુજબનો જ પુરાવો આપેલ છે તથા તેઓએ પોતાની જુબાની દરમ્યાન સદર ગુનાની સ્ટેશન ડાયરીની ઓનલાઈન પ્રમાણીત નકલ આંક–૨૬ થી રજુ કરેલ છે.

તેઓની વિસ્તૃત ઉલટ તપાસ આરોપીપક્ષના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ છે, જે વંચાણે લેવામાં આવે છે.

આરોપીના વિ.વ.શ્રી. અને સદર ફરીયાદી તેમજ અન્ય પોલીસ સાહેદોની ઉલટ તપાસ તથા રજુ દલીલોમાં એવો બચાવ લીધેલ છે કે આંક–૨૨ ની ફરીયાદમાં કે પોલીસ સાહેદોના પુરાવામાં પેટ્રોલીંગ સમયે જે ખાનગી વાહનમાં નીકળેલા તે ખાનગી વાહનનો રજીસ્ટર્ડ નંબર કોઈ જગ્યાએ જાહેર કરવામાં આવેલો નથી. કહેવાતી રેડ આરોપીના ત્યાં કરવામાં આવેલ હતી ત્યારે પંચ સાહેદો એકમાત્ર સ્વતંત્ર સાહેદો હતા અને તેઓએ પણ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી અને રેડ સમયે કરવામાં આવેલ પંચનામાની હકીકતોનો

સ્વીકાર કરેલ નથી. બનાવવાળું સ્થળ રહેણાંક વિસ્તાર છે અને બનાવ સમયે સ્થળ ઉપર આજુબાજુના રહીશો એટલે કે સ્વતંત્ર સાહેદોના નિવેદન સહેલાઈથી મળી શકે તેમ હતા તેમ છતાં કોઈ સ્વતંત્ર સાહેદના પુરાવા કે નિવેદન રેકર્ડ ઉપર આવેલ નથી. તેમજ કહેવાતું પ્રવાહી ઘટ, પાતળું, પારદર્શ હતું તેવું ફરીયાદમાં જાહેર કરવામાં આવેલ ન હતું. આરોપી પાસેથી કોઈ વ્યકિત કહેવાતું પ્રવાહી ખરીદવા આવેલ હોય તેવું બનેલ નથી કે કોઈ સાહેદોએ આરોપીને પ્રવાહી વેચતા જોયેલ હોય તેવું પણ બનેલ નથી. કહેવાતું પ્રવાહી સ્થળ ઉપર સુંઘવાથી કયું પ્રવાહી છે તેવું જાણી શકાય તેવું ન હતું. તેમજ કહેવાતી રેડ જે મકાનમાં કરવામાં આવેલ હતી, તે કોની માલીકીનું અને કબજાનું હતું તે સંબધે કોઈ પુરાવા એકઠા કરવામાં આવેલ નથી તથા કહેવાતા મકાનમાં આરોપી રહેતા હતા અને આરોપી સીવાય અન્ય કોઈ વ્યકિત કે રહીશ મકાનમાં હતા, તે સંબધે કોઈ પુરાવા એકઠા કરવામાં આવેલ નથી.

(૧૦) વધુમાં ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૧ થી પંચ સાહેદ જનકભાઈ બાબુભાઈ ઠાકોર તથા સાહેદ નં.૨ થી પંચ સાહેદ નટુભાઈ પરસોત્તમભાઈ વાઘેલા નાઓને આંક–૧૫ અને આંક–૧૭ થી તપાસવામાં આવેલ છે.** સદર પંચ સાહેદોએ પોતાના પુરાવામાં પંચનામામાં તેઓની સહી કબુલ રાખેલ છે પરંતુ તે સીવાય પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન કરેલ નથી, જેથી સાહેદોને ફરી ગયેલા સાહેદ જાહેર કરી લંબાણપુર્વકની ઉલટ તપાસ કરવા છતાં પંચ સાહેદો મારફતે રજુ રાખેલા પંચનામું ફરીયાદપક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે, જેથી સદર પંચનામા ઉપર આધાર રાખી આરોપીને આક્ષેપીત ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય નહિ.

(૧૧) વધુમાં ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૩ થી અર્જુનભાઈ નાનજીભાઈ રાઠવાને આંક–૧૮ થી તપાસવામાં આવેલ છે** અને તેઓ દ્વારા તેમની સોગંદ ઉપરની જુબાનીમાં આંક –૧૯ થી સ્થળ પરીક્ષણનો અહેવાલ તથા આંક–૨૦ થી સ્થળ પરીક્ષણ કરવા માટે કરેલ યાદી રજુ કરેલ છે.તેમજ સદર એફ.એસ.એલ. અધિકારીના પુરાવો ધ્યાને લેતા તેઓએ સ્થળ પરીક્ષણથી વિશેષ કોઈ કાર્યવાહી કરેલ હોય તેવું જણાય આવતું

નથી તેમજ સ્થળ ઉપરથી મળી આવેલ પ્રવાહીનું તેઓએ કોઈ પરીક્ષણ કરેલ હોય તેવું પણ જણાય આવતું નથી. તેઓએ માત્ર કબજે લીધેલ કેમીકલ તથા પાવડરને એફ.એસ.એલ. પરીક્ષણ અર્થે અમદાવાદ મોકલી આપવા માટે ત.ક.અમલદારશ્રીને સુચના આપેલ. સદર સાહેદે સ્થળ ઉપરથી મળી આવેલ પરીક્ષણનો કોઈ પ્રાથમીક અભિપ્રયા આપેલ હોય તેવું પણ ફલીત થતું નથી. સાહેદના પુરાવામાંથી એવું પણ બહાર આવી શકેલ ન હતું કે તેઓ પરીક્ષણ દરમ્યાન તેમની સાથે વૈજ્ઞાનીક પધ્ધતિથી પૃથ્થકરણ થઈ શકે તેવી કીટ લઈને ગયેલા. વધુમાં સાહેદના પુરાવાથી એવું પણ બહાર આવેલ નથી કે તેઓ એફ.એસ.એલ. મોબાઈલ વાન લઈને ગયેલ હોય કે તેમણે પ્રવાહીની પી.એચ. તપાસણી કરી હોય તેવો પુરાવો પણ રજુ થયેલ નથી. જે તમામ હકીકતો ધ્યાને રાખતા સદર સાહેદે માત્ર ઔપચારીક અભિપ્રાય આપેલ હોવાનું જણાય આવતું હોવાથી સદર સાહેદનો પુરાવો ફરીયાદપક્ષને મદદકર્તા હોય તેવું જણાય આવતું નથી.

(૧૨) વધુમાં ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૬ થી ત.ક.અમલદાર/પોલીસ સાહેદ ખુમાનસંગ શંકરભાઈ ચૌહાણને આંક-૨૪ થી તપાસવામાં આવેલ છે** અને તેઓએ તેમના પુરાવામાં તેઓએ કરેલ તપાસ દરમ્યાન કાર્યવાહીની હકીકતો જાહેર કરેલી છે તથા આરોપી હર્ષદભાઈ ઉર્ફે પીન્ટુ શંકરભાઈ તળપદા તથા ભગુભાઈ કુલાભાઈ પરમાર નાઓ મળી આવતા તેમની અટક કરેલ અને સમય મર્યાદામાં નામદાર કોર્ટમાં રજુ કરેલ તેમજ આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતા નામદાર કોર્ટમાં ઉપરોકત ગુના સંબધેનું ચાર્જશીટ રજુ કરેલ.

તેઓની વિસ્તૃત ઉલટ તપાસ આરોપીપક્ષના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ છે, જે વંચાણે લેવામાં આવે છે.

(૧૩) વધુમાં ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૮ થી ત.ક.અમલદાર/પોલીસ સાહેદ મહેશભાઈ મોમણભાઈ જુજાને આંક-૨૭ થી તપાસવામાં આવેલ છે** અને તેઓએ તેમના પુરાવામાં તેઓએ કરેલ તપાસ દરમ્યાન કાર્યવાહીની હકીકતો જાહેર કરેલી છે તથા

આંક–૨૨ થી રજુ થયેલ ફરીયાદ હકીકતોને સમર્થન આપેલ છે. વધુમાં તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં હાલના ગુના સંબધેની તપાસ દરમ્યાન કરવામાં આવેલ કાર્યવાહીના દસ્તાવેજી પુરાવા એટલે કે આંક–૨૮ થી સુચીપત્ર, આંક–૨૯ થી રવાનગી પત્રક, આંક–૩૦ થી એફ.એસ.એલ. ની પહોંચ, આંક–૩૧ થી એફ.એસ.એલ. નો ફોરવર્ડીંગ પત્ર તથા આંક–૩૨ થી એફ.એસ.એલ. નો રાસાયણીક શાસ્ત્ર વિભાગનો અહેવાલ રજુ કરેલ છે, જે અહેવાલ ધ્યાને લેતા તેમાં નમુનામાં ઈથાઈલ આલ્કોહોલની હાજરી શોધાયેલ નથી તેમજ નમુનામાં કલોરલ હાઈડ્રેટ નામના કાર્બનીક પ્રકારના રસાયણની હાજરી શોધાયેલ છે તેમજ માત્ર એવો અભિપ્રયા આપવામાં આવેલ છે કે નમુનામાં શોધાયેલ કલોરલ હાઈડ્રેટએ સીડેટીવ (SEDATIVE) અસર આપી એ પ્રકારનો પદાર્થ છે. આમ સદર અભિપ્રયામાંથી એવું બહાર આવી શકેલ ન હતું કે તેમણે ચકાસેલા નમુનામાં કેટલા પ્રમાણમાં કલોરલ હાઈડ્રેટ નામના કાર્બનીક પ્રકારની હાજરી હતી. ટુંકમાં કબજે કરવામાં આવેલ મુદદામાલ કલોરલ હાઈડ્રેટ નામના કાર્બનીક પ્રકારની હાજરી જણાય આવેલ પરંતુ તેની માત્રા સબબ કોઈ પૃથ્થકરણ થયેલ હોય તેવું જણાતું નથી અને તે મુજબ રજુ થયેલ પૃથ્થકરણ અહેવાલ તથા અભિપ્રાય નિર્ણાયક ગણી શકાય નહિ.

વધુમાં સદર ત.ક.અમલદારની વિસ્તૃત ઉલટ તપાસ આરોપીપક્ષના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ છે અને તેમાં કબુલ રાખેલ છે કે તેઓએ તપાસ દરમ્યાન પોલીસ સીવાય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી રેડ વાળી જગ્યાની માલીકીનો આધાર સ્પષ્ટ થાય તેવો કોઈ દસ્તાવેજ/પુરાવો મેળવેલો નથી.

(૧૪) ફરીયાદપક્ષનો કેસ જોવામાં આવે તો આ કામે આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૮ હેઠળ ગુનો આચરેલાનો આક્ષેપ છે. ભારતીય દંડ સંહિતાની કલમ –૩૦૮ માં સાપરાધ મનુષ્ય વધની કોશીષ બદલ સજાની જોગવાઈ કરવામાં આવેલી છે. કલમના શબ્દો જોવામાં આવે તો '' કોઈ પણ વ્યકિત, કોઈ કૃત્ય એવા ઈરાદાથી અથવા જ્ઞાન સાથે અને એવા સંજોગોમાં કરે કે તેથી જો મૃત્યુ નિપજત નો પોતે ખુન ન

ગણાય તેવા સાપરાધ મનુષ્ય વધ માટે દોષીત થાય તેને ત્રણ વર્ષ સુધીની બે માંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને સજા કરવામાં આવશે અને એવા કૃત્યથી કોઈને ઈજા થાય તો તેને સાત વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે. '' ગુનો સ્થાપીત કરવા માટે આરોપીનું કૃત્ય સ્થાપીત થવું જોઈએ. આરોપીને કૃત્યના પરીણામનું જ્ઞાન હોવું જોઈએ અથવા તો ઈરાદો હોવો જોઈએ કે તેના કૃત્યથી સાપરાધ મનુષ્ય વધ જે ખુન ન ગણાય તેવી હાની પહોંચશે. તેના કરેલ કૃત્ય એવા સંજોગોમાં કરવામાં આવેલ હોય કે જો ભોગ બનનારનું મૃત્યુ નિપજત તો તે ખુન ન ગણાય તેવા સાપરાધ મનુષ્ય વધ માટે દોષીત ઠરત. ટુંકમાં સાપરાધ મનુષ્ય વધની કોશીષમાં હાલના કલમનો સમાવેશ થાય છે. આ કલમ વ્યકિતના કૃત્ય અને જ્ઞાન ઉપર ભાર મુકે છે. આરોપીને તેના કૃત્યનું જ્ઞાન હતું તે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષ ઉપર છે. આરોપીએ કોઈ કૃત્ય કરવાનો પ્રયત્ન કરેલ હોય તેવો પુરાવો જ આવેલો નથી. ફરીયાદપક્ષે પ્રથમ તો એવું પુરવાર કરવું પડે કે આરોપી પ્રતિબંધીત પ્રવાહી તાડી અથવા દારૂ અથવા અફીણ વેચવાનો ગુનો કરતો હોય. હાથ પરના કેસમાં આરોપીએ કહેવાતું પ્રવાહી વેચાણ કરેલ હોય, કોઈ ઈસમ ખરીદ કરવા આવેલ હોય કે વેચાણ કરવાના આશ્રયથી પ્રવાહી તૈયાર કરેલ હોય તેવો પુરાવો આવેલ નથી. આરોપીએ પ્રવાહીમાં કોઈ ભેળસેળ કરેલી હોય, આરોપીનો ઈરાદો કે જ્ઞાન હોય તેવો પણ કોઈ પુરાવો આવેલ નથી. ટુંકમાં હાથ પરના કેસમાં ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૮ લાગુ પાડી શકાય તે અંગે આરોપી કોઈ ઈરાદો ધરાવતા હોય તેવા પુરાવાનો સદંતર અભાવ છે. હાથ પરના કામે કોઈ વ્યકિતને ઈજા થઈ હોય કે મૃત્યુ નિપજેલું હોય તેવો પણ ફરીયાદપક્ષનો કેસ નથી. ત્યારે પુરાવા વગર આરોપી વિરુધ્ધ એવું અનુમાન કરી શકાય નહિ કે આરોપીએ અન્ય કોઈને ઈજા પહોંચાડવાના કે મૃત્યુ નિપજાવવાનો ઈરાદો કે જ્ઞાન હતું. આરોપી કોઈ મોટીવ ધરાવતા હોય તેવો પણ ફરીયાદપક્ષનો કેસ નથી. સાથે સાથે આરોપીએ ભેળસેળ કરી હોય અને તે ભેળસેળવાળું પ્રવાહી વેચાણ કરેલ હોય કે વેચાણ કરવાનો

પ્રયત્ન કરેલ હોય તેવો પણ કોઈ પુરાવો રેકર્ડ જોતા જણાય આવતો નથી.

(૧૫) આમ રેકર્ડ ઉપર રજુ થયેલ સમગ્ર પુરાવાઓ અને રજુઆતો જોતા ગુનામાં આરોપીની સંડોવણી છતી નથી. જે ઘરમાં રેડ કરવામાં આવેલ હતી, તે ઘર કોની માલીકીનું છે તે અંગે લેશમાત્ર પુરાવો નથી. માત્ર ઘરમાં કોઈ વ્યકિત રહેતી હોય તેથી કરીને કહેવાતું મકાન આરોપીની માલીકી કબજાનું હોય તેવું ઠરાવી શકાય નહિ. તપાસ કરનાર અધિકારીએ પણ આ સંદર્ભે કોઈ પુરાવો એકઠો કરેલ હોય તેવું ફલીત થતું નથી. તેમજ પુરાવામાં આવેલું છે કે જે ઘરમાં રેડ કરવામાં આવેલી તે ઘરમાં અન્ય વ્યકિત પણ રહેતા હતા, તેઓને કયા કારણોસર નજર અંદાજ કરવામાં આવેલ છે તે અંગે ત.ક.અમલદારશ્રીએ કોઈ રજુઆત કરેલ નથી. કહેવાતા ઘરમાં માત્ર અને માત્ર આરોપી જ એકલા રહેતા હતા અગર તો સંપુર્ણ કબજો આરોપીનો જ હતો તેવો કોઈ વિશ્ર્વસનીય પુરાવો રજુ થયેલ જ નથી. **આંક—૨૨** ની ફરીયાદ જોવામાં આવે તો એક યા બીજી રીતે આરોપીનું નિવેદન અગર તો કબુલાત છે. આરોપીનું નિવેદન ફરીયાદ કે પુરાવાનો ભાગ બની શકે નહિ. ફરીયાદપક્ષે તેનો કેસ પુરવાર કરવા માટે પોતાના જ પગ ઉપર ઉભા રહી ફરીયાદીએ પોતાની ફરીયાદ પુરવાર કરવાની હોય છે. વધુમાં સદર કામના આરોપી કહેવાતા મુદદામાલના એક માત્ર કબજેદાર હોય મુદદામાલ ભેળસેળ કરતા હોય, મુદદામાલનો વેપાર કરતા હોય, વેચાણ કરતા હોય તેવો લેશમાત્ર પુરાવો આવેલ નથી. બચાવપક્ષે પુરાવા દરમ્યાન ઉભી કરેલ શંકાઓનું ફરીયાદપક્ષ સમાધાન કરવામાં નિષ્ફળ ગયેલા છે. ફરીયાદમાં જે હકીકતો જાહેર થયેલી ન હતી તેવી હકીકતો પાછળથી ઉભી કરવામાં આવેલ છે, જે શંકાને સ્થાન આપે છે. ફોજદારી કેસમાં એક પણ શંકાનું કારણ આરોપીને છોડવા માટે પુરતુ કારણ બની રહે છે. ટુંકમાં પ્રસ્તુત કેસમાં એવો પુરાવો આપેલ નથી કે આરોપીના કૃત્યથી કોઈને ઉશ્કેરણી થયેલી હોય અને એવી જાણકારી સાથે આરોપીએ કોઈ કૃત્ય કરેલું હોય અને તેવું કરવામાં આરોપીએ કોઈને લલચાવ્યા હોય અગર વેચાણ કરેલું હોય એવો પુરાવો નથી. સાથે સાથે કબજે કરવામાં આવેલ મુદદામાલ એકમાત્ર આરોપીને કસ્ટડીનો હોય

તેવો સ્વતંત્ર પુરાવો ન હોય પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ) સબબનો પણ કોઈ પુરાવો ન હોય આરોપી ઉપર ફરમાવેલ તહોમતનામું પુરવાર કરવા ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોય મુદદા નં.૧ '' **નકારમાં** '' ઠરાવી મુદદા નં.૨ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–// આ ખ રી હુ ક મ //–**

(૧) આ કામના આરોપી નં.૧ સરોજબેન વા/ઓ હર્ષદભાઈ શંકરભાઈ તળપદા, રહે. મહેળાવ, પહાડી કુવા વિસ્તાર, તા.પેટલાદ, જી.આણંદ, આરોપી નં.૨ હર્ષદભાઈ ઉર્ફે પીન્ટુ શંકરભાઈ તળપદા, રહે.મહેળાવ, પહાડી કુવા વિસ્તાર, તા.પેટલાદ, જી.આણંદ તથા આરોપી નં.૩ ભગુભાઈ કુલાભાઈ પરમાર નાઓને ક્રિ.પ્રો.કોડની કલમ –૨૩૫(૧) ની જોગવાઈ મુજબ **મહેળાવ પોલીસ સ્ટેશનના ગુ.રજી. નં.૧૧૨૧૫૦૧ ૭૨૩૦૧૪૯/૨૦૨૩ થી ઈ.પી.કો.કલમ–૩૦૮, ૨૭૩, ૨૭૨, ૧૧૪ તથા પ્રોહી. એકટની કલમ–૬૫(એ)(એ)** મુજબના ગુનામાં નિર્દોષ ઠરાવીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીઓને આદેશ આપવામાં આવે છે કે, તેઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ રૂા.૧૫,૦૦૦/– જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકામ રજુ કરવા.

(૩) મુદામાલ પાવતીમાં દર્શાવેલ તમામ મુદામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમોનુસાર નાશ કરવો.

આ હુકમ આજ રોજ તારીખ–૧૫, માહે–ઓકટોબર, સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખ–૧૫/૧૦/૨૦૨૫ **(ઝંખના વી. ત્રિવેદી)**
સ્થળ–પેટલાદ. ત્રીજા અધિક સેશન્સ જજ,પેટલાદ
**GJ-00676**

*સ્ટેનો–જે.ટી.રાણા.*